BAOU
Education for All

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# MASTER IN SOCIAL WORK



## MSW-404
## લઘુશોધ નિબંધ

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સમાજકાર્ય પારંગત (MSW)

## સત્ર-4

# લઘુશોધ નિબંધ માર્ગદર્શિકા

# અનુક્રમણિકા


**૧.૧** લઘુશોધ નિબંધ- વિભાગીય ખ્યાલ

**૧.૨** પ્રસ્તાવના

**૧.૩** લઘુશોધ નિબંધ અંગેની માર્ગદર્શિકા

**૧.૪** લઘુશોધ નિબંધને આખરી ઓપ કઈ રીતે આપશો ?

**૧.૫** નમુના પસંદગી વિશેની પાયાની સમજણ

**૧.૬** નિદર્શ અને તેના પ્રકાર

**૧.૭** પ્રાથમિક માહિતી એકત્ર કરવાના જુદા જુદા સાધનો

**૧.૮** ગૌણ માહિત એકત્ર કરવાના જુદા જુદા સાધનો

**૧.૯** ઉપસંહાર

## ૧.૧ લઘુશોધ નિબંધ – વિભાગીય ખ્યાલ

- દરેક વિદ્યાર્થીએ અભ્યાસક્રમના ભાગરૂપે લઘુશોધ નિબંધ તૈયાર કરવો ફરજીયાત છે.
- લઘુશોધ નિબંધ તૈયાર કરવા માટે દરેક વિદ્યાર્થીને ડીપાર્ટમેન્ટ દ્વારા માર્ગદર્શક ફાળવવામાં આવશે. માર્ગદર્શકના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીએ લઘુશોધનિબંધ તૈયાર કરવાનો રહેશે.
- વિદ્યાર્થીએ સમાજકાર્યના જુદા જુદા ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને લઘુશોધ નિબંધ માટે વિષયની પસંદગી કરવાની રહેશે.
- લઘુશોધ નિબંધના મૂલ્યાંકન માટે આંતરિક અને બાહ્ય પરીક્ષા લેવામાં આવશે. આંતરિક પરીક્ષા ૩૦ ગુણ અને બાહ્ય પરીક્ષા ૭૦ ગુણની રહેશે.

આંતરિક પરીક્ષાના મૂલ્યાંકનમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવશેઃ

| ક્રમ | નિર્ણાયક | મૂલ્યાંકનના માપદંડ – આધારો | ગુણભાર |
|---|---|---|---|
| ૧. | સંયોજક | વિષય પ્રત્યેની સજ્જતા, રજૂઆત અને સંશોધનની ગુણવત્તા | ૧૦ |
| ૨. | માર્ગદર્શક | સંશોધન વિષયની પસંદગી, હેતુઓ, સંશોધન યોજના અને માહિતી એકત્રીકરણની રીત | ૧૦ |
| ૩. | માર્ગદર્શક | અર્થઘટન, અહેવાલલેખન અને સંશોધન પદ્ધતિશાસ્ત્ર | ૧૦ |
| | | કુલ ગુણ | ૩૦ |

- આંતરિક મૂલ્યાંકનની માફક લઘુશોધ નિબંધનું બાહ્ય પરીક્ષકો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવશે.
- બાહ્ય મૂલ્યાંકનના ગુણ ૭૦ રહેશે.
- લઘુશોધ નિબંધમાં પાસ થવા માટે આંતરિક પરીક્ષામાં ૧૨ ગુણ અને બાહ્ય પરીક્ષામાં ૨૮ ગુણ એમ કુલ મળીને ૪૦ ગુણ લાવવા ફરજીયાત રહેશે.
- લઘુશોધ નિબંધની બાહ્ય પરીક્ષામાં વિષય નિષ્ણાંતો દ્વારા મૌખિક પરીક્ષા (VIVA-VOCE) લેવામાં આવશે.
- બાહ્ય પરીક્ષાના મૂલ્યાંકનમાં સંશોધન વિષયની પસંદગી, સંશોધનના હેતુઓ, માહિતી એકત્રીકરણ, અર્થઘટન, અહેવાલ લેખન, સંશોધન પદ્ધતિ અને સંશોધન વિષય અંગેની સમજણ ચકાસવામાં આવશે.
- લઘુશોધ નિબંધ અંગેના ઉપરોક્ત માપદંડો-આધારો સિવાય લઘુશોધ નિબંધ અંગેના ઉપરોક્ત માપદંડો-આધારો સિવાય લઘુશોધ નિબંધ અંગે યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલ માર્ગદર્શિકા મૂલ્યાંકનની પ્રક્રિયા દરમ્યાન ધ્યાને લેવામાં આવશે.

## ૧.૨ પ્રસ્તાવના

### ❖ લઘુશોધ નિબંધની માર્ગદર્શિકા વિશેઃ-

લઘુશોધ નિબંધ એ સમાજકાર્યના અભ્યાસક્રમમાં એક શૈક્ષણિક પ્રક્રિયાનો જ એક મહત્વનો ભાગ છે.સમાજકાર્ય સંશોધન અંગેની સૈદ્ધાંતિક સમજણ દરેક વિદ્યાર્થીએ ત્રીજા સત્રમાં મેળવેલ છે. સત્ર ૪ સૈદ્ધાંતિક સમજણને પ્રેક્ટીસમાં

મુકવાની છે. લઘુશોધ નિબંધ કઈ રીતે તૈયાર કરવો તે અંગેનું માર્ગદર્શન આપતી એક માર્ગદર્શિકા તૈયાર કરેલ છે, જે સૌ સંશોધકોને ઉપયોગી બી રહેશે.

❖ માર્ગદર્શિકા શા માટે?

માર્ગદર્શિકા એ સંશોધકને નિર્દેશ કરવાનું કામ કરે છે.માર્ગદર્શિકામાં તમામ બાબતોનો સમાવેશ કરવાનો પ્રયત્ન કરેલ છે જેથી સંશોધકને સંશોધન અંગે કોઈ પણ પ્રકારની મુંઝવણ ન રહે.માર્ગદર્શિકાના વિવિધ મુદ્દાઓમાં સંશોધકની વિવિધ મુશ્કેલીઓના ઉકેલ આપવાનો પ્રયત્ન કરેલ છે. જેટલી બારીકાઇથી આ માર્ગદર્શિકાનો અભ્યાસ કરવામાં આવશે તેટલું સંશોધકનું કામ સરળ બનશે.

❖ માર્ગદર્શિકાની ઉપયોગીતા :-

- માર્ગદર્શિકાથી કામગીરીમાં એક સાતત્ય આવશે.
- લઘુશોધ નિબંધ વિશે વિદ્યાર્થીઓની સામુહિક સમજણ વિકસશે.
- વિભાગીય ઓળખ મજબુત બનશે.
- વિદ્યાર્થીઓને સંશોધન વિષયની કામગીરી કરવામાં સરળતા રહેશે.
- માર્ગદર્શિકા સંશોધકને સંશોધનના જુદાં જુદાં તબક્કાઓમાં ઉપયોગી થશે.
- માર્ગદર્શિકાના ઉપયોગના પરિણામે સંશોધકની પોતાની સમજણ વિકસશે.
- માર્ગદર્શિકા સ્વયં બોલે છે, જુદાં જુદાં મુદ્દાઓ વિશે! આ માટે સંશોધકે સંશોધન વિષયક કામગીરી માટે બીજા ઉપર નિર્ભર નહિ રહેવું પડે.
- માર્ગદર્શિકાના ઉપયોગથી સંશોધકમાં પ્રેક્ટીકલ એપ્રોચ વિકસશે, જે સંશોધકને સ્વયં સંશોધન કરવા પ્રેરિત કરશે.
- માર્ગદર્શિકાનો ઉપયોગ કેટલીક નાહકની ચર્ચાઓને ટાળે છે. માટે ખોટી ચર્ચાઓ પાછળ થતા સમય-શક્તિના બગાડથી બચાવી શકાય છે.
- માર્ગદર્શિકા સંશોધકને પ્રથમ પાનાથી લઇ અંતિમ પણ સુધી ક્યાં-કઈ રીતે અને શું કરવું તે વિશે માર્ગદર્શન આપે છે. માટે શરૂઆતથીજ લઘુશોધ નિબંધ વિશે સંશોધકનો ખ્યાલ એકદમ સ્પષ્ટ થાય છે.
- માર્ગદર્શિકા સાચા અર્થમાં મારદર્શકની ભૂમિકા અદા કરશે. આમ તો દરેક વિદ્યાર્થી એ લઘુશોધ નિબંધ કઈ રીતે તૈયાર કરવો તે માટે અભ્યાસકેન્દ્ર દ્વારા માર્ગદર્શકની નિમણુક કરવામાં આવશે. માર્ગદર્શકશ્રીના માર્ગદર્શન હેઠળ જ વિદ્યાર્થીએ લઘુશોધ નિબંધ તૈયાર કરવાનો હોય છે. પરંતુ આ લઘુશોધ નિબંધની માર્ગદર્શિકા સંશોધકને સંશોધનના મુદ્દે સતત વિચારતો કરવામાં મહત્વની ભૂમિકા અદા કરશે.

આમ, સંશોધન માર્ગદર્શિકા સંશોધકને ઘણી રીતે ઉપયોગી બની શકે તેમ છે. અહી એ ખાસ ધ્યાને લેવું કે માર્ગદર્શિકા એ અંતિમ નથી. માર્ગદર્શિકામાં ઘણા એવા મુદ્દાઓનો સમાવેશ કરી શકાય તેમ છે. પરંતુ દરેક બાબતનું સ્પષ્ટીકરણ માર્ગદર્શિકામાં શક્ય નથી. સંશોધક માટે વિભાગ દ્વારા માર્ગદર્શકની નિમણુક કરાયેલ છે, તેમના જ્ઞાનનો ઉપયોગ કરી માર્ગદર્શિકામાં ખૂટતી બાબતોની સ્પષ્ટતા અને ચર્ચા માર્ગદર્શક સાથે કરી શકાય.

## ૧.૩ લઘુશોધ નિબંધ અંગેની માર્ગદર્શિકા

### ૧.૩.૧ વિષય પસંદગી:


સમાજકાર્ય સંશોધનમાં અભ્યાસ માટે વિષય પસંદગી ખુબ જ મહત્વનું સોપાન છે. વિષય પસંદગી એ સંશોધનનું પ્રથમ પગથીયું ગણાવી શકાય. સમગ્ર સંશોધનનો અઢાર વિષય પસંદગીના મુદ્દા ઉપર છે. વિષય પસંદગી કરતી વખતે સંશોધકે પોતાની રસરૂચીના વિષય ઉપર વિશેષ ધ્યાન રાખવું જરૂરી છે. પોતાના સંશોધનના વિષય અને ક્ષેત્રને સમજવાની શક્તિ કેટલી છે તે બાબત અંગે વિચારણા કરવી જરૂરી છે. કારણ કે સંશોધક પોતે સંશોધનના વિવિધ મુદ્દાઓ પૈકી કયા મુદ્દાની સંશોધનના વિષય માટે પસંદગી કરવી તે અંગે શરૂઆતમાં મુન્જવન અનુભવે છે. ઘણી વખત મુદ્દાની પસંદગી ઊંચી કક્ષાની હોય પરંતુ તે નિર્ધારિત સમયમાં પૂર્ણ થઈ શકે તેમ ન હોય તો તે નકામું પડે. આ માટે સમય-શક્તિની મર્યાદાનો વિચાર કરવો જરૂરી છે.

ઘણી વખત કેટલાક વિદ્યાર્થી સંશોધકો-કાર્યકરો સંશોધન સંબંધી તમામ આશાઓ વિશેની પુખ્ત વિચારણા કર્યા વગર સંશોધન માટે મુદ્દાની પસંદગી કરી લેતા હોય છે, જે બરાબર નથી. જેમ કે, ‘‘રાજ્ય સરકારના સેવા સેતુ કાર્યક્રમની અસરકારકતા- એક અભ્યાસ’’. સંશોધન મુદ્દાની દ્રષ્ટીએ પ્રસ્તુત વિષય ખુબ સુંદર લાગે છે. પરંતુ હકીકત એ છે કે કાર્યક્રમ સરકાર દ્વારા છેલ્લા છ-આઠ મહિનાથી અમલી બનાવાયો છે. આટલા ટૂંકા ગાળામાં તેની અસરકારકતા કઈ રીતે માપી શકાય?

આમ, આવા મૂલ્યાંકનલક્ષી અભ્યાસો માટે ચોક્કસ સમય પછી જ તેની અસરકારકતા ચકાસાય તો જ વાસ્તવમાં સંશોધનનો મૂળ હેતુ બહાર આવી શકે. ટૂંકમાં આ પ્રકારના વિષયોની પસંદગી બરાબર નથી. બાળક માંડ ડગ ભરતા શીખ્યું હોય અને સંશોધક બાળક ચાલતા કેમ પડી જાય છે તેના વિશે અભ્યાસ કરે તેવી બાબત છે.

### ૧.૩.૨ સંશોધનના ક્ષેત્રો:

સમાજકાર્યમાં વ્યક્તિ અને તેની સમસ્યાનું વિશેષ મહત્વ છે. જ્યાં વ્યક્તિ છે ત્યાં સમસ્યા છે અને જ્યાં સમસ્યા છે ત્યાં સામાજિક કાર્યકર છે. તે દ્રષ્ટીએ સમાજકાર્ય સંશોધન માટેનું ક્ષેત્ર ખુબ જ વિસ્તૃત અને વિશાલ છે. સંશોધનકર્તા પોતાની રસરૂચી અનુસાર સંશોધનના વિવિધ ક્ષેત્રોમાંથી મુદ્દાની પસંદગી કરે તે જરૂરી છે.



આમ, ઉપર મુજબના જુદાં જુદાં ક્ષેત્રોન એવા ઘણા પેટા મુદ્દાઓ સંશોધન માટેના વિષયો-મુદ્દા બની શકે છે. સંશોધક ભવિષ્યમાં જે ક્ષેત્રમાં આગળ વધવા માંગતો હોય અથવા જે તે મુદ્દા આધારિત વિશેષ જાણકારી મેળવવા માંગતો હોય અથવા જે તે મુદ્દા આધારિત વિશેષ જાણકારી મેળવવા માંગતો હોય તે ક્ષેત્રની સંશોધન માટે પસંદગી કરી શકે છે. સંશોધનના એવા કેટલાય વિષયો છે કે જેના ઉપર વિસ્તૃત સંશોધન થયેલ નથી. એવા કેટલાય વિષયો સંશોધનમાં આજે પણ વણખેડ્યા વિષયો જ છે. આમ, સંશોધકે વિષય- ક્ષેત્રની ઉપયોગીતાના સંદર્ભમાં પુખ્ત વિચારણા કરી સંશોધન માટેના વિષય ક્ષેત્ર ની પસંદગી કરવી જોઈએ.

### **૧.૩.૩ અભ્યાસના વિષયો:**

સંશોધનકર્તા માટે ખુબ જ મુંઝવણ ભર્યો સવાલ એ છે કે સંશોધનના વિવિધ વિષયો પૈકી સંશોધન માટે કયા મુદ્દા ની પસંદગી કરવી. સંશોધન માટે અભ્યાસ નો વિષય કેવો હોવો જોઈએ, તેનું શિર્ષક/મથાળું કેવું હોવું જોઈએ, તે દિશામાં ભાવી સંશોધકો વિચારી શકે તે હેતુથી કેટલાક અભ્યાસના વિષયો રજુ કરેલ છે.

❖ અભ્યાસના વિષયો:

૧. સ્પેશીયલ ઈકોનીમિક ઝોનમાં જમીન સંપાદન થયેલા ખેડૂતોના જીવનની સ્થિતિનો અભ્યાસ
૨. વિચરતા-વિમુક્ત સમુદાયોમાં ડફેર સમુદાય- એક અધ્યયન
૩. સામાજિક ન્યાય સમિતિની કામગીરીની અસરકારકતા – એક અભ્યાસ (ખેડા જીલ્લાના માતર તાલુકાના પાંચ ગામોને ધ્યાનમાં રાખીને)
૪. તમાકુની ખેતી કરતા ખેડૂતો વિશે અભ્યાસ (ચરોતર વિસ્તારના ૧૦ ગામોને ધ્યાનમાં રાખીને)
૫. દૂધમંડળીમાં જોડાયા પછી મહિલાઓની આર્થિક, સામાજિક સ્થિતિત વિશેનો અભ્યાસ
૬. ઈન્દિરા આવાસ યોજના ના લાભાર્થીઓ વિશેનો અભ્યાસ
૭. "મનરેગા યોજનાના લાભાર લાભાર્થીઓ વિશેનો અભ્યાસ"
૮. ઔદ્યોગિક પ્રદુષણની સમાજજીવન ઉપર અસર
૯. એચ.આઈ.વી. ગ્રસ્ત મહિલાઓની સામાજિક સ્થિતિનો અભ્યાસ
૧૦. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આરોગ્યલક્ષી સુવિધાઓની અસરકારકતા – એક અભ્યાસ

આમ, ઉપર મુજબ સંશોધનના વિવિધ ક્ષેત્રોમાંથી સંશોધન માટેના વિષયની પસંદગી કરી શકાય.

### **૧.૩.૪ સંશોધન યોજના (Research Design):**

વૈજ્ઞાનિક રીતે સંશોધન કાર્ય હાથ ધરવા માટે સંશોધન યોજના તૈયાર કરવિ જરૂરી છે. એક એન્જીનીયર મકાન બનાવતા પહેલા કાગળ ઉપર તેનો નકશો તૈયાર કરે છે તેવી જ રીતે સંશોધનકર્તા પણ સંશોધન કરતા પહેલા તેનું પદ્ધતિસરનું આયોજન કરે છે, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે:

૧. શું અભ્યાસ કરવો છે?
૨. વિષયના સંદર્ભે સમસ્યાની ઓળખ જરૂરી છે.
૩. અભ્યાસ શા માટે કરવો છે? તેનું મહત્વ શું છે તે વિશેનું સ્પષ્ટીકરણ

૪. અભ્યાસનું ક્ષેત્ર શું છે? વિશાળ ફલક ઉપર સમસ્યા પથરાયેલ છે તે પૈકી સંશોધક કયા ક્ષેત્રનો અભ્યાસ કરવા માંગે છે તે નોંધનીય છે.

૫. મહીતીદાતા કોણ છે?

૬. માહિતી એકત્રીકરણ માટેનું સાધન કયું?

૭. સંદર્ભ સાહિત્ય – જરૂરી સાહિત્ય ક્યાંથી પ્રાપ્ત થશે?

૮. અભ્યાસ કેટલા સમયમાં પૂર્ણ થશે? તેનું નક્કર આયોજન – વિચારણા

૯. નમુના પસંદગીની રીત

૧૦. માહિતીનું વર્ગીકરણ – પૃથ્થકરણ કેવી રીતે કરવામાં આવશે?

૧૧. અહેવાલ લેખન

આમ, સંશોધન યોજના તૈયાર કરતી વખતે સમસ્યા કથનથી માંડી છેક અહેવાલલેખન સુધીની પ્રક્રિયાનું શું આઓજન છે તેના વસે નું ચિત્રણ રજુ કરવું પડે છે. સંશોધન યોજના તૈયાર કાવામાં કેટ ચોકસાઈ રખાય તેટલું નક્કર કામ સંશોધનકર્તાકરી શકે છે.

## ૧.૩.૫ સાહિત્ય સમીક્ષા(Review of Related Literature)

સંદર્ભ સાહિત્યની સમીક્ષા એ સંસોધનનું ખુબ જ મહત્વનું અંગ ગણાવી શકાય. સંદર્ભ સાહિત્યની સમીક્ષામાં સંશોધકે ચોક્કસ વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરી પોતાની સમસ્યાના સંદર્ભમાં પ્રાપ્ય તમામ સહિત્યિક સામગ્રી એકત્ર કરી તનો અભ્યાસ કરવો જૂરી છે. દ. તા. સંશોધક જમીનના સંદર્ભે અભ્યાસ કરી રહ્યો હોય તો જમીનના સંદર્ભે અગાઉ આ પકારના કયા કયાભ્યાસો થઇ ચ્ક્યા છે?

- આ અભ્યાસ કોણે કેલ છે?
- અભ્યાસના હેતુઓ શું તા?
- અભ્યાસન ક્ષેત્ર કયું હતું?
- કેટલા ઉત્તરદાતાનો અભ્યાસ કરેલ છે?
- નમુના પસંદગીની રીત શું હતી?
- માહિતી એકત્રીકરણ કરવા માટે કયા સાધનોનો ઉપયોગ કર્યો હતો?
- અભ્યાસના મુખ્ય તારણો શું છે? વગેરે જેવા મુદ્દાઓ વિશેઈ પાયાની જાણકારી, સંદર્ભ સાહિત્યની સમીક્ષાના આધારે સંશોધકને જાણવા મળે છે.

સંદર્ભ સાહિત્યની સમીક્ષાના આધારે સંશોધક પોતાની અભ્યાસ યોજનાને ચોક્કસ રૂપ આઈ શકે છે. ઉપરાંત, સંશોધન સમસ્યાની શોધ અને દિશા નક્કી કરવા માટે સંદર્ભ સાહિત્યની સમીક્ષા ખુબ જ ઉપયોગી બની શકે છે. ગ્રંથાલય, ઇન્ટરનેટ અને વેબસાઈટ ઉપર પણ જુદાં જુદાં સશોધનને લગતી માહિતીઓ ઉપલબ્ધ હોય છે. તેઓ ઉપયોગ કરી સંશોધકે સંદર્ભિત સાહિત્યની અસરકારક સમીક્ષા કરવી જરૂરી છે.

### ૧.૩.૬ પ્રકરણીકરણઃ

લઘુશોધ નિબંધમાં માહિતીની યોગ્ય રીતે રજૂઆત થવી જરૂરી છે. આ યોગ્ય રજૂઆત માટે મળેલ માહિતીને તબક્કાવાર રજુ કરવી જરૂરી છે. આ તબક્કાવાર રજૂઆત માટે માહિતીને જુદાં જુદાં પ્રકરણના રૂપમાં વિભાજીત કરવી જરૂરી છે. આમ, માહિતીને વિભાજીત કરવાની પ્રક્રિયાને પ્રકરણીકરણ કહી શકાય.

લઘુશોધ નિબંધમાં માહિતીને રજૂઆત માટે કેટલા પ્રકરણો હોવા જોઈએ તે મુદ્દે ઘણા મતમતાંતર છે. પરંતુ અહી પ્રકરણની સંખ્યા કરતા અગત્યનો મુદ્દો છે વિષય સામગ્રીનો. જુદાં જુદાં પ્રકરણોમાં જે તે મુદ્દા સંબંધી તમામ પ્રકારની મહીતી અને વિગતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

❖ **લઘુ શોધ નિબંધનું પ્રકણીકરણ**

**<u>પ્રકરણ-૧: વિષય પસંદગી અને સંશોધન પ્રક્રિયા.</u>** જેમાં પ્રસ્થાવના, વિષયની પસંદગી, સંશોધનનું મહત્વ, અભ્યાસના હેતુઓ , ઉત્કલ્પનાનું નિર્માણ, સંશોધનના અભ્યાસનું વ્યાપવિશ્વ, સંશોધનના પ્રકારો, સંશોધનની પધ્ધતી, નમુના પસંદગી, ક્ષેત્રકાર્ય આયોજન, માહિતીનું વર્ગીકરણ અને વિશ્લેષણ, અભ્યાસની મુશકેલીઓ અને મર્યાદાઓ વગેરે વિષયની રજૂઆત કરવામાં આવે છે.

**<u>પ્રકરણ-૨: સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય અને સાહિત્ય સમીક્ષા.</u>** સંશોધક જે વિષય ઉપર સંસ્શોધન કાર્ય હાથ ધારે છે તેના વિશેનો સૈદ્ધાંતિક બાબતો આ પ્રકરણમાં મુકવામાં આવે છે. જેમ કે વિષયનો ઈતિહાસ, વર્તમાન સમયના આકડાઓ, વિષયની વ્યાખ્યા, તેની સમસ્યા, કારણો, સરકારી યોજનાઓ વગેરે વિષયની રજૂઆત કરવામાં આવે છે. જયારે સંદર્ભ સાહિત્યની સમીક્ષામાં સંશોધક જે વિષય ઉપર સંશોધન કાર્ય હાથ ધારે છે તે મુદ્દે અગાઉ કયા કયા અભ્યાસો થયેલા છે તે વિશે ની રજૂઆત કરવી.

**<u>પ્રકરણ-૩: માહિતીનું વર્ગીકરણ વિશ્લેષણ અને અર્થઘટન.</u>** આમાં સંશોધનકર્તા ડેટાનું વિશ્લેષણ કરે છે અને તેને કોષ્ટક સ્વરૂપમાં રજૂ કરે છે. ડેટાનો વધુ અર્થઘટન પણ કરવામાં આવે છે

**<u>પ્રકરણ-૪: તારણો, નિષ્કર્ષ અને સૂચનો.</u>** અભ્યાસના અંતે સંશોધનના હેતુઓને અનુરૂપ તારણો વિશેની રજૂઆત આ પ્રકરણમાં કરવામાં આવે છે.

આમ, માર્ગદર્શક ની સુચના અનુસાર ઉપર્યુક્ત પ્રકરણની સંખ્યામાં વધઘટ કરી શકાય. અહી સંશોધકે કાળજી એટલી રાખવી કે સંશોધનના હેતુઓને અનુરૂપ તમામ બાબતોનું જુદા જુદા પ્રકરણોમાં નિરૂપણ થાય તેની તકેદારી રાખવી જરૂરી છે.

### ૧.૩.૭ અહેવાલ લેખન

અહેવાલ લેખન એ સંશોધનકાર્યનું ખુબ જ મહત્વનું અંગ ગણી શકાય. સંશોધક પોતાના અભ્યાસ ક્ષેત્રમાંથી વેર વિખેર માહિતીનું સંકલન કરે છે. આ સંકલિત માહિતીને યોગ્ય રીતે રજૂઆત કરવામાં ના આવે તો સંશોધનનો મુખ્ય હેતુ બહાર આવતો નથી. સંશોધન અહેવાલના વાચકો જુદા જુદા હોય છે.





આમ વાચક વર્ગની જરુરીઓયત ને ધ્યાનમાં રાખીને અહેવાલ લેખન કરવું જરૂરી છે. સંશોધન અહેવાલ જ્યાં સુધી લખાય નહિ ત્યાં સુધી સંશોધન કાર્ય પૂરું થયેલું ગણાય નહિ. અહેવાલ લેખન કરવા માટે નીચેની બાબતો જરૂરી છે.


- ભાષા.
- કાળના ઉપયોગમાં સાતત્યતા.
- આંકડાઓ/સંકેતો અને સંક્ષેપોનો ઉપયોગ.
- ગુજરાતી – અંગ્રેજી શબ્દોનો ઉપયોગ.
- સંદર્ભો વિશેની યોગ્ય રજૂઆત અહેવાલમાં થાય તે જરૂરી છે.

### ૧.૩.૮ પરિશિષ્ઠની યાદી:

માહિતીની વિસવાસનીયતા માટે સંદર્ભ ગ્રંથોનો નામોલ્લેખ થવો જરૂરી છે. સંશોધન દરમિયાન જે સાહિત્યિક સામગ્રીનો ઉપયોગ સંશોધક કરે છે. તે તમામ બાબતોની સંશોધકે યાદી તૈયાર કરવી જરૂરી છે.




આ ઉપરાંત જુદાં જુદાં પરિશિષ્ઠ પણ સંશોધન અહેવાલના અંતમાં મુકવામાં આવે છે. નહીતીતની ચોકસી અને વિશ્વસ્નિઓયત માટે જુદાં જુદાં પરિશિષ્ઠ મુકવા જરૂરી છે.




## ૧.૪ લઘુશોધ નિબંધને આખરી ઓપ કઈ રીતે આપશો

- પાકા પૂંઠામાં લઘુશોધ નિબંધનું બાઈન્ડીંગ કરાવવું.
- પાકા પૂંઠાનો કલર સફેદ રાખવો.
- પાકા પૂંઠા ઉપરના Font ના color Black અથવા Dark Blue રાખવો.
- <u>લઘુશોધ નિબંધના પાકા પૂંઠા ઉપર નમુના મુજબ લખાણ લખવું.</u>
    - Shruti fonts, Margins: top, bottom, left, right 1”
    - Orientation (Portrait)
    - સંશોધન વિષય title of research (Font size: ૨૪-૨૦)

Example : “ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિધાર્થીઓમાં HIV/AIDS અંગેની જાગૃતિનો અભ્યાસ”

- Sub title (Font size: 16)

Example: (અમદાવાદ યુનીવર્સીટીમાં અભિયાસ કરતાં વિધાર્થીઓના સંદર્ભમાં)

- સમાજકાર્ય પારંગત (MSW)….. (Font size: 18-16)
- સંશોધનકર્તા (Font size: 18-16)
- માર્ગદર્શકશ્રી (Font size: 18-16)
- આપના અભ્યાસકેન્દ્રનું નામ અને જીલ્લો……વર્ષ સુધી ((Font size: 18-16)

- <u>લઘુશોધ નિબંધના પ્રથમ પાને નીચેની વિગતો સમાવવી</u>.
    - Shruti fonts, Margins: top, bottom, right 1” અને left side 1.5” રાખવી
    - Orientation (Portrait)
    - Paper size A4 , bond paper અથવા સારા કાગળ
    - સંશોધન વિષય title of research (Font size: 24-20)

Example : “ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિધાર્થીઓમાં HIV/AIDS અંગેની જાગૃતિનો અભ્યાસ”

- Sub title (Font size: 16)

Example: (અમદાવાદ યુનીવર્સીટીમાં અભિયાસ કરતાં વિધાર્થીઓના સંદર્ભમાં)

- સમાજકાર્ય પારંગત (MSW)….. (Font size: 18-16)
- સંશોધનકર્તા (Font size: 18-16)
- માર્ગદર્શકશ્રી (Font size: 18-16)

- આપના અભ્યાસકેન્દ્રનું નામ અને જીલ્લો......વર્ષ સુધી ((Font size: 18-16)
- Enrollment no: (Font size: 18-16)

- ઉપરોક્ત લખાણ પછીના પાના ઉપર બાંહેધરી પત્રક અને પ્રમાણપત્ર મુકવું (નમુનો આ સાથે સામેલ છે)
- પ્રમાણપત્ર પછી આભાર દર્શન લખવું
- ત્યાર બાદ અનુક્રમણિકા મુકવી (નમુનો આ સાથે સામેલ છે)
- ત્યાર બાદ કોષ્ટક સુચિ મુકવી (નમુનો આ સાથે સામેલ છે)
- ત્યાર બાદ ક્રમબદ્ધ પ્રકરણ મુકવા.
- "પ્રકરણ ૧" એટલું જ લખેલું પાનું મુકવું. આમ આ રીતે લઘુશોધ નિબંધના પ્રત્યેક પ્રકરણમાં આ સુચનાનો અમલ કરવો. (Separator page)
- લઘુશોધ નિબંધ ટાઈપ કરવા માટે "Google Input Tools" ના ગુજરાતી ફોન્ટ અથવા શ્રુતિ (Shruti) ફોન્ટનો ઉપયોગ કરવો.
- લખાણમાં પ્રકરણમાં ટાઇટલના લખાણની Font size: 14 રાખવી. વિષય પ્રવેશ અને સંશોધન પ્રક્રિયા પ્રકરણના મુખ્ય ટાઇટલ પછીના પેટા મુદ્દાઓની Font size: 12 રાખવી અને આ લખાણ Bold Letters માં રાખવું(Headings ne). જેમ કે પ્રસ્તાવના, વિષય પસંદગી .
- "પ્રકરણ ૦૧" થી પાનાં નંબર આપવાની શરૂઆત કરવી. દરેક પાનાં ઉપર પાનાં નંબર આવે તેની ખાસ કાળજી રાખવી.
- લઘુશોધ નિબંધ માટે A4 સાઈઝના સારી ગુણવત્તાના કાગળનો ઉપયોગ કરવો.
- ટાઈપ કરતી વખતે પાનાની ઉપર-નીચે અને જમણી બાજુએ 1" અને ડાબી બાજુએ 1.5" જગ્યા રાખવી. (Margins)
- બાઈન્ડીંગ વખતે પણ ઉપરનું લખાણ બાઈન્ડીંગમાં ન આવી જાય તેની કાળજી રાખવી.
- લઘુશોધ નિબંધના ટાઈપ કરેલ લખાણમાં બોર્ડર મુકવી નહે. (Separator Page) પ્રકરણના મુખ્ય પાનાઓ ઉપર બોર્ડર મુકવી હોય તો મૂકી શકાય.
- લઘુશોધ નિબંધના જુદાં જુદાં પ્રકરણો પછી અંતમાં પરિશિષ્ઠ મુકવા. પરિશિષ્ટમાં પ્રશ્નાવલી/અનુસૂચી, મુલાકાતની યાદી, સાંકેતિક શબ્દોની સમજ વગેરે મૂકી શકાય.
- લઘુશોધ નિબંધની કુલ ૨ નકલ વિધાર્થએ વિભાગમાં જમા કરાવવાની રહેશે.
- દરેક વિધાર્થીએ લઘુશોધ નિબંધની સોફ્ટ કોપી સીડીમાં જમા કરાવવાની રહેશે.

(પાકા પૂંઠા પર- આ રીતે લખાણ લખવું)

# "ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિધાર્થીઓમાં HIV/AIDS અંગેની જાગૃતિનો અભ્યાસ"

**(અમદાવાદ યુનીવર્સીટીમાં અભિયાસ કરતાં વિધાર્થીઓના સંદર્ભમાં)**

**સમાજકાર્ય પારંગત (MSW) ની પદવીમાટે અભિયાસક્રમ ના ભાગ રૂપે રજુ કરેલ લઘુશોધ નિબંધ**

**સંશોધનકર્તા**
**(વિધાર્થીનું નામ)**

**માર્ગદર્શકશ્રી**
**(માર્ગદર્શકશ્રીનું નામ)**

**આપના અભ્યાસકેન્દ્રનું નામ અને જીલ્લો**
**વોકેશનલ એન્ડ પ્રોફેશનલ અભ્યાસક્રમ વિભાગ,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી,**
**અમદાવાદ, ગુજરાત**
**વર્ષ: 2020- 2021**

(ટાઈટલ પાના પર)

# "ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિધાર્થીઓમાં HIV/AIDS અંગેની જાગૃતિનો અભ્યાસ"

## (અમદાવાદ યુનીવર્સીટીમાં અભિયાસ કરતાં વિધાર્થીઓના સંદર્ભમાં)

**સમાજકાર્ય પારંગત (MSW) ની પદવીમાટે અભિયાસક્રમ ના ભાગ રૂપે રજુ કરેલ લઘુશોધ નિબંધ**

**માર્ગદર્શકશ્રી**
**(માર્ગદર્શકશ્રીનું નામ)**

**સંશોધનકર્તા**
**(વિધાર્થીનું નામ)**

**આપના અભ્યાસકેન્દ્રનું નામ અને જીલ્લો**
**વોકેશનલ એન્ડ પ્રોફેશનલ અભ્યાસક્રમ વિભાગ,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી,**
**અમદાવાદ, ગુજરાત**
**વર્ષ: 2020- 2021**

**Enrollment no: _______________**

# બાંહેધરી પત્રક

હું ______________________ પ્રમાણિક કરું છું કે, હું રજુ કરેલ લઘુશોધ નિબંધ "___(Topic)_____________________________________________" એ મારું પોતાનું સંશોધન છે તે અન્ય કોઈ જગ્યાએ રજુ થયેલ કે આપવામાં આવેલ નથી. આ સંપૂર્ણપણે મારું પોતાનું કાર્ય છે. જેની હું ખાત્રી આપું છું.

તારીખ: વિધાર્થીની સહી

સ્થળ:

Enrollment no:

વર્ષ:

# પ્રમાણ પત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે,_________________ (અભ્યાસકેન્દ્રનું નામ)________, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટી ના વિદ્યાર્થી___________________(વિદ્યાર્થીનું નામ_______ એ પ્રસ્તુત સંશોધન "____________________________(TOPIC)________________________________ _____________" સફળતાપૂર્વક પોતાના સમાજકાર્ય પારંગત (MSW) અભ્યાસક્રમનાં ભાગરૂપે સંસ્થાના માર્ગદર્શન હેઠળ વર્ષ ______ દરમ્યાન પૂર્ણ કરેલ છે.

સ્થળ: માર્ગદર્શકશ્રીની સહી

તારીખ:

# આભાર દર્શન

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નં |
|---|---|---|
| | ▪ બાંહેધરી પત્રક | |
| | ▪ પ્રમાણ પત્ર | |
| | ▪ આભાર દર્શન | |
| | ▪ કોષ્ટક સુચિ | |
| પ્રકરણ ૧ | વિષયની પસંદગી અને સંશોધન પ્રક્રિયા | add |
| પ્રકરણ ૨ | સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય અને સાહિત્ય સમીક્ષા | add |
| પ્રકરણ ૩ | માહિતીનું વર્ગીકરણ વિશ્લેષણ અને અર્થઘટન | add |
| પ્રકરણ ૪ | તારણો, નિષ્કર્ષ અને સૂચનો | add |
| | ▪ સંદર્ભસુચિ | |
| | ▪ પરિશિષ્ટ | |

# કોષ્ટક સુચિ


| ક્રમ | વિગત | પેજ નં |
|---|---|---|
| ૧ | ઉત્તરદાતાની ઉમર દર્શાવતું કોષ્ટક | |
| ૨ | ઉત્તરદાતાની જાતિ દર્શાવતું કોષ્ટક | |
| ૩ | ઉત્તરદાતાની જ્ઞાતિ દર્શાવતું કોષ્ટક | |
| ૪ | ઉત્તરદાતાની શિક્ષણ લાયકાત દર્શાવતું કોષ્ટક | |
| ૫ | ઉત્તરદાતાનો વૈવાહિક દરજ્જો દર્શાવતું કોષ્ટક | |
| ૬ | ઉત્તરદાતાના રસના વિષય દર્શાવતું કોષ્ટક | |
| ૭ | ઉત્તરદાતાઓના ઘરમાં ગુપ્તરોગો વિશે થતી ચર્ચાની વિગત દર્શાવતું કોષ્ટક | |
| ૮ | ઉત્તરદાતાઓના ઘરમાં ગુપ્તરોગો વિશે થતી ચર્ચાની વિગત દર્શાવતું કોષ્ટક | |
| ૯ | ઉત્તરદાતાઓની STD નું પુરુ નામ વિશેની સમજ દર્શાવતું કોષ્ટક | |
| ૧૦ | ઉત્તરદાતાઓની STD રોગ અંગેની સમજ દર્શાવતું કોષ્ટક | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

### ૧.૫ નમુના પસંદગી વિશેની પાયાની સમજણ

સંશોધનની પ્રક્રિયા દરમ્યાન સૌથી મહત્ત્વનો મુદ્દો નમૂના પસંદગી અને માહિતી એકત્રીકરણનો છે. સંશોધક તરીકે આ મુદ્દાઓ વિશેની પાયાની સમજણ આપવાનો અહી પ્રયત્ન કરેલ છે.

વ્યક્તિના લોહીનું ગ્રુપ જાણવા માટે ડૉક્ટર વ્યક્તિના શરીરમાંથી લોહીના થોડા ટીપાં લઈને તેનું ગ્રુપ તપાસે છે. લોહીમાં કયા રોગના જીવાણુઓ છે તે જાણવા માટે લોહીના અમુક ટીપાંની તપાસ કરે છે.

નિદર્શ એટલે સમષ્ટિના એકમોનો અમુક ભાગ ઉપરોક્ત ઉદાહરણોમાં અનાજનો થોડો ભાગ, ખીચડી/ભાતના એકાદ-બે દાણા, કપડાનો ટુકડો, ચમચી ચા, લોહીના એકાદ-બે ટીપાં એ નિદર્શ છે. વ્યક્તિના શરીરમાં રહેલું સમગ્ર લોહી સમષ્ટિ છે. ટૂંકમાં, સમષ્ટિના ભાગને નિદર્શ કહેવાય. આપણે આપણા રોજબરોજના જીવનમાં જાણ્યે અજાણ્યે અનેક વખત આ પ્રક્રિયા કરીએ છીએ. નિદર્શ પાછળ રહેલી સમજ સામાન્ય બુદ્ધિનો જ એક ભાગ છે. ઉપરોક્ત તમામ ઉદાહરણો જાણ્યે-અજાણ્યે નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરતા હોવાનું દર્શાવે છે. સામાજિક સંશોધનમાં નિદર્શ પસંદ કરી તેની પાસેથી માહિતી મેળવવાનું કામ ખૂબ અગત્યનું છે.

### ❖ નમૂના પસંદગી(Sampling)નો અર્થ

સંશોધન અભ્યાસના હેતુઓને આધારે રહેલી ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે માહિતી મેળવવી પડે છે. અભ્યાસના હેતુઓના સંદર્ભમાં વ્યાપ વિશ્વના લક્ષણોનું પ્રતિનિધિત્વ કરતો હોય તેવો નાનો ભાગ પસંદ કરવામાં આવે છે. આ નાના ભાગને નમૂનો કે નિદર્શ કહે છે. સંશોધન અભ્યાસના હેતુઓના સંદર્ભમાં નિદર્શ એટલે, વિશાળ સમગ્રનું પ્રતિનિધિત્વ કરતો નાનો ભાગ, વ્યાપ વિશ્વના લક્ષણોનું પ્રતિનિધિત્વ કરતો હોય તેવો નાનો ભાગ, વ્યાપ વિશ્વમાંથી પસંદ કરતો હોય તેવો નાનો ભાગ વ્યાપ વિશ્વની નાના માપની આબેહૂબ નકલ તેમજ વ્યાપવિશ્વની લઘુઆવૃત્તિ.

- મુલર અને રુસલ્સના મતે સમષ્ટિનો ગમે તે ભાગ નિદર્શ નથી, પરંતુ સમષ્ટિના જે ભાગને સમદષ્ટિની લાક્ષણિકતાઓ દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે તે ભાગને નિદર્શ કહેવાય. એટલે કે આંકડા વિષયક પદ્ધતિએ કાઢેલો નિદર્શ આખા સમૂહનું(સમષ્ટિનું) પ્રતિનિધિત્વ ધરાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, સમષ્ટિની નાની આવૃત્તિ એટલે નિદર્શ.
- પોલિન યંગના મતે નિદર્શ જે જૂથમાંથી લેવામાં આવ્યું હોય તે જૂથનું લઘુચિત્ર હોય છે.
- ગુડે અને હટ્ટના મતે સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતો નાનો નમૂનો એટલે નિદર્શ.
- વોકર અને લેવના જણાવ્યા પ્રમાણે, સમષ્ટિ વિષે માહિતી મેળવવાના હેતુથી એ સમષ્ટિમાંથી પસંદ કરેલા એકમોના સમૂહને નિદર્શ કહેવાય.

ટૂંકમાં, અભ્યાસના હેતુઓને અનુરૂપ સમગ્ર વિશે અનુમાન કરવા માટે તેના પ્રતિનિધિરૂપ નાના ભાગને પસંદ કરવાની ક્રિયાને નમૂના પસંદગી કહેવાય છે. ઉપરોક્ત વ્યાખ્યાઓના આધારે સારા નમૂનાના નીચેના લક્ષણો તારવી શકાય.

### ❖ સારા નમૂનાના લક્ષણો (Characteristics of a Good Sample)


- નમૂનો અભ્યાસના હેતુઓને અનુરૂપ વ્યાપવિશ્વના લક્ષણોનું સારું પ્રતિનિધિત્વ કરતો હોવો જોઈએ.

- નમૂનો પૂર્વગ્રહરહિત હોવો જોઈએ.
- નમૂનાની સાઈઝ યોગ્ય હોવી જોઈએ, જેથી વિશ્વસનીય પરિણામો મેળવી શકાય.
- તેના તારણો ચોક્કસાઈપૂર્વક વ્યાપવિશ્વને લાગુ પાડી શકાય તેવા હોવા જોઈએ.
- તે ઓછામાં ઓછી કિંમતે જરૂરી માહિતી આપી શકે તેવો હોવો જોઈએ.
- નમૂનાની પસંદગીમાં વધુને વધુ પ્રમાણમાં યાદચ્છીકરણ ઉપયોગ થયેલો હોવો જોઈએ.
- નમૂનાના અનુમાનની પ્રમાણભૂલ મોટી ન હોવી જોઈએ. એટલે કે તેના જેટલો જ બીજો નમૂનો પસંદ કરવામાં આવે તો તેના અને પ્રથમ નમૂનામાં પરિણામો વચ્ચે બહુ વધારે તફાવત રહેવો જોઈએ નહીં.

સંશોધનમાં નમૂના પસંદગીનું ઘણું મહત્ત્વ છે. કારણ કે વ્યાપવિશ્વના બધા જ પાત્રો (ઉત્તરદાતા) પાસેથી માહિતી મેળવીને સંશોધન હાથ ધરવું કઠીન હોય છે. તેથી તેના બદલે નમૂનો પસંદ કરી તેના પાત્રો પાસેથી માહિતી એકત્રીકરણનું કામ કરવું સરળ છે.

## ૧.૬ નિદર્શ અને તેના પ્રકાર (Type of Sampling)

નમૂનાની પસંદગી યોગ્ય રીતે થવી આવશ્યક છે. સમષ્ટિના પ્રતિનિધિરૂપ હોય તેવા નમૂનાની પસંદગી માટે વ્યવહારમાં વિવિધ પ્રયુક્તિઓ ઉપયોગમાં લેવાય છે. નિદર્શન પસંદ કરવાની કાર્યપ્રણાલીના આધારે વિભિન્ન નિદર્શોને મુખ્યત્વે બિનયદચ્છ નિદર્શન અને યદચ્છ નિદર્શન એવા બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.




### (અ) બિનયદચ્છ નિદર્શ (Non Random Sampling)

સમષ્ટિના બધા એકમોને નિદર્શમાં પસંદગી પામવાની સમાન તક ન મળતી હોય ત્યારે તેવા નિદર્શનને બિનયદચ્છ નિદર્શન કહેવામાં આવે છે. આ પ્રકારના નિદર્શનમાં સંભાવનાની તક ઓછી છે માટે નિદર્શનને બિન સંભાવના નિદર્શન તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રત્યેક એકમને પસંદગી પામવાની કેટલી તક મળી છે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે માટે આ પ્રકારના નિદર્શનના અભ્યાસ દ્વારા તારવેલા તારણો સમષ્ટિને વિશ્વાસપૂર્વક લાગુ પાડી શકતા નથી. આથી બિનયદચ્છ નિદર્શનને નમૂનો પસંદ કરવાની જુદી- જુદી રીતોમાં

તેને આદર્શ માનવામાં આવતી નથી. બિનયદચ્છ નિદર્શનમાં નીચે મુજબના પ્રકાશનો સમાવેશ થાય છે, જેની વિગતે ચર્ચા અત્રે કરવામાં આવેલ છે.

### (1) આકસ્મિક નિદર્શ (Accidental of Haphazard Sampling)

સંશોધનકાર્ય દરમ્યાન જરૂરી માહિતી મેળવવા પ્રતિનિધિત્વની માત્રને લક્ષ્યમાં રાખ્યા વિના દેવયોગે(ભગવાન ભરોશે) જે કોઈ એકમોનો આકસ્મિક ભેટો થઇ જાય તેવા એકમોને નિદર્શ(નમૂનો) તરીકે પસંદ કરવામાં આવે છે. આ પ્રકારના નિદર્શન 'સગવડીયું' નિદર્શન પણ કહેવામાં આવે છે.

આ પ્રકારના નિદર્શ સંશોધનનું કદ પહેલેથી નક્કી હોતુ ંનથી આ ઉપરાંત સંશોધનકર્તા જયારે સમષ્ટિ વિશે પૂરતી જાણકારી ધરાવતો ન હોય ત્યારે અથવા સમષ્ટિ અનિશ્ચિત અને અમર્યાદિત હોય ત્યારે કેટલીક સંશોધન સમસ્યા માટે આ પ્રકારના નિદર્શનનો ઉપયોગ કરવામાં આવે છે.

દા.ત. સંશોધકે જમીન સંપાદન અંગેનો સંશોધન માટે હાથ ધરેલો છે; પરંતુ, તેમાં કેટલા ખેડૂતોની જમીન સંપાદિત થયેલ છે ? તે ક્યા પ્રકારના ખેડૂતો છે તે અંગેની પૂરતી જાણકારી ન હોય તેવા સંજોગોમાં ફિલ્ડવર્ક દરમ્યાન જે ખેડૂતો વિશે માહિતી અને જાણકારી મળે તેવા ખેડૂતોને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવે છે.

### (2) ઉપલબ્ધ નિદર્શ (Availability Sampling)

સંશોધનના મુદ્દા વિશે ઉત્તરદાતાઓ સ્વૈચ્છિક રીતે માહિતી આપવા તૈયાર હોય તેવા વ્યક્તિઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવે અથવા ઉપલભ્ય એકમોને નિદર્શનમાં સમાવવામાં આવે ત્યારે તેવા પ્રકારના નિદર્શનને ઉપલભ્ય નિદર્શન કહેવાય.

ક્યા સંજોગોમાં ઉપલભ્ય નિદર્શનનો ઉપયોગ કરી શકાય ?

- સંશોધનકર્તા સમષ્ટિથી અજાણ હોય
- સમષ્ટિ નક્કી કરી શકાય તેમ ન હોય.
- નિદર્શન અન્ય પદ્ધતિએ નક્કી કરવું મુશ્કેલ હોય
- ક્યારેક સંશોધનનો મુદ્દો છોડી મૂકવો પડે તેમ હોય તેવા સંજોગોમાં આ પદ્ધતિનો ઉપયોગ થઈ શકે.

ઉદાહરણ તરીકે, અસાધ્ય રોગ/બીમારી જેવા કેસોમાં ઉપલભ્ય નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરી શકાય.

### (3) હેતુલક્ષી નિદર્શ (Purposive Sampling)

આ પદ્ધતિના નામ પ્રમાણે તેમાં હેતુ કેન્દ્રસ્થાને રહેલ છે. સંશોધક સમષ્ટિના માળખાં કે બંધારણ વિશે પૂરતી જાણકારી ધરાવતો તેવા સંજોગોમાં હેતુલક્ષી નિદર્શન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

આ પદ્ધતિના ઉપયોગમાં સંશોધક પોતાના નિર્ણય કે જજમૅન્ટ ઉપર ભરોસો રાખે છે. આથી, આ પદ્ધતિને જજમેન્ટ Sampling પણ કહેવામાં આવે છે. આ પદ્ધતિના ઉપયોગમાં સંશોધક નિષ્ણાંત હોવો જરૂરી છે. તો જ આ પદ્ધતિના મૂળભૂત હેતુસર આવી શકે છે. આ પદ્ધતિમાં ઉત્તરદાતાની પસંદગી અને તેની વિશ્વસનીયતા ખૂબ મહત્ત્વની છે.

હેતુલક્ષી નિદર્શનના સંશોધન અંગેના કેટલાક વિષયો જેવા કે,

- HIV એઈડ્સ

- સજાતીય સંબંધો

- જમીન સંપાદનની અસરો

- દેહ વેપાર કરતી મહિલાઓ વગેરેમાં આ પદ્ધતિ ઉપયોગી થઈ શકે છે.

### (4) નિર્દિષ્ટાંશ નિદર્શ (Quota Sampling)

આ નિદર્શનમાં અભ્યાસના વ્યાપવિશ્વમાંથી તેમના પ્રમાણ અનુસાર નમૂનો પસંદ કરવામાં આવે ત્યારે નિર્દિષ્ટાંશ નિદર્શન પદ્ધતિનો ઉપયોગ થયો તેમ કહેવાય.

અભ્યાસના વ્યાપ વિસ્તારનું વૈજ્ઞાનિક દ્દષ્ટીએ વર્ગીકરણ કરી આ બધા જ ઘટકતત્ત્વોનું જેટલું પ્રમાણ તેટલા પ્રમાણમાં પ્રત્યેક વર્ગમાંથી નિયત નિદર્શનના કદ માટે એકમોની સંખ્યા નક્કી કરવામાં આવે છે. અહી દરેકને સરખી તક મળતી નથી. કયા એકમો પાસેથી માહિતી મેળવવી તે સંશોધક ઉપર છોડી દેવામાં આવે છે.

દા.ત. ઔદ્યોગિક એકમમાં જમીન સંપાદન થયેલા ખેડૂતોની સ્થિતિ વિશેનો જો અભ્યાસ કરવાનો હોય તો અસરગ્રસ્તો પૈકી કોઈપણ નાના અને સીમંત ખેડૂતો, મધ્યમ ખેડૂતો અને મોટા ખેડૂતોની પસંદગી કરી શકાય. પસંદગીની બાબતમાં સંશોધક સ્વતંત્ર છે.

### (5) સ્નોબોલ નિદર્શ (Snowball Sampling)

આ નિદર્શન બરફના ગોળા સાથે સામ્યતા ધરાવે છે માટે તેને સ્નોબોલ નિદર્શન તરીકે ઓળખવામાં આવે છે. બરફના નાના ગોળાને ભીના બરફ સાથે વારંવાર ગબડાવવાથી ગોળા સાથે નાના-નાના કણ ઉમેરતા જાય છે. જેમ-જેમ આ પ્રક્રિયા વધુ કરવામાં આવે તેમ તેમ ગોળાના કદમાં વધારો થતો જાય છે.

આ સ્નોબોલ પદ્ધતિમાં બરફના ગોળાની માફક આપણા સમાજજીવનની પણ આ વાસ્તવિક સ્થિતિ છે. સંશોધનના કેટલાંક મુદ્દાઓ એવા છે કે જેમાં માહિતી મેળવવાની એક વ્યક્તિથી શરૂઆત થાય અને પછી પાછળથી તેમાં નામોનું ઉમેરણ થતું જાય અને ઉત્તરદાતાની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય એમ બને છે.

દા.ત. GIDC વિસ્તારમાં છેલ્લા પાંચેક વર્ષ દરમ્યાન જુદા-જુદા પ્રોજેક્ટ માટે તબક્કાવાર જમીન સંપાદન કરવામાં આવે છે. મોટાભાગે જમીન સંપાદન અંગેની વિગતો વહીવટીતંત્રો છૂપાવે છે. આવા સજોગોમાં સીધા ઉત્તરદાતા પાસે જઈ ઉત્તરદાતાને વિશ્વાસમાં લઇ જો એકાદ ઉત્તરદાતા પાસેથી માહિતી મેળવવાની શરૂઆત થશે તો પછી ક્રમશઃ એક, બે, ત્રણ એમ નામો સંશોધકની યાદીમાં ઉમેરતા જશે. સંશોધક આ રીતે વર્ષ, ખેડૂતોના પ્રકાર, જુદી-જુદી ઇન્ડસ્ટ્રીઝમાં ક્યાં, કેટલું જમીન સંપાદન થયેલ છે વગેરે અંગે તેની જરૂરિયાત પ્રમાણે માહિતી એકત્ર થઈ શકે. આ ઉપરાંત, સજાતીય સંબંધો, એઇડ્સ વગેરે જેવા મુદ્દાઓમાં આ પદ્ધતિનો અસરકારક ઉપયોગ કરી શકાય.

## (બ) યદચ્છ નિદર્શન (Random Sampling)

યદચ્છ નિદર્શનને સંભાવના નિદર્શન પણ કહેવામાં આવે છે કારણ કે, આ પદ્ધતિમાં પ્રત્યેક એકમને નિદર્શનમાં સમાવવા માટેની સરખી તક મળે છે. આ પ્રકારના નિદર્શનમાં નીચેના નિદર્શન પ્રકારોનો સમાવે થાય છે. તેની વિગતવાર ચર્ચા અત્રે કરવામાં આવેલ છે.

### (1) સાદું યદચ્છ નિદર્શન (Simple Rendom Sampling)

આ પ્રકારના નિદર્શનમાં સમષ્ટિના પ્રત્યેક એકમને જ નહીં; પરંતુ, સમષ્ટિના સંભવિત પ્રત્યેક નમૂનાને પસંદ પામવાની સરખી તક પ્રાપ્ત થાય છે. અહી સમષ્ટિના બધા એકમોને 1, 2, 3, 4, 5 એમ દરેકને નંબર આપવામાં આવે છે. પછી અહીં સંશોધક બધી જ સ્લીપોને ભેળવી દે છે પછી તેમાંથી જેટલા ઉત્તરદાતાઓની પસંદગી કરવાની હોય તેટલી સ્લીપો-કાપલીઓ ઉપાડે છે. કાપલીમાં જે નંબર આવે છે તે નંબરની ઉત્તરદાતા તરીકે પસંદગી કરવામાં આવે છે. નમૂનો પસંદ કરવાની આ રીતને આંકડાશાસ્ત્રીઓ સાદામાં સાદી પદ્ધતિ તરીકે ઓળખે છે.

### (2) પદ્ધતિસરનું નિદર્શન (Systematic Random Sampling)

પદ્ધતિના નામ પ્રમાણે અહીં ચોક્કસ પ્રકારની પદ્ધતિને અનુસરવામાં આવે છે. આમાં જે ઉત્તરદાતાની પસંદગી કરવાની છે. તેને નંબર આપી દેવામાં આવે છે. દા.ત. એક ગામમાં 1000 (એક હજાર) ખેડૂતો છે. આ ખેડૂતોમાંથી 100 ખેડૂતોની પસંદગી કરવાની છે તો તે સમયે ખેડૂતોની યાદીમાંથી 1, 2, 3, 4, 5, 6, 7, 8, 9, 10 એમ બધા ખેડૂતોની યાદીમાંથી દરેક દસમું નામ એટલે 10મું, 20મું, 30મું નામ પસંદ કરીને કુલ ઉત્તરદાતાની પસંદગી કરી શકાય.

### (3) સ્તરીકૃત યદચ્છ નિદર્શન (Startified Random Sampling)

સમષ્ટિમાં જયારે, જાતિ, ધર્મ, વર્ગ, શિક્ષણ ઉંમર, જ્ઞાતિ વગેરેમાં વૈવિધ્યતા હોય ત્યારે વિશ્વસનીય અને ચોક્કસાઈપૂર્ણ તારણો મેવવા માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. સમષ્ટિનું વિવિધ સ્તરોમાં વિભાજન કરીને બધા સ્તરોમાંથી નમૂનો પસંદ કરવામાં આવે ત્યારે તે પ્રકારના નિદર્શનને સ્તરીત યદચ્છ નિદર્શન કહેવામાં આવે છે.

### (4) ઝૂમખાં યદચ્છ નિદર્શ (Cluster Rendom Sampling)

સામાન્ય રીતે ઝુમખો (Cluster) એટલે કાયમી જૂથ. આવું જૂથ રાજય, જીલ્લો, તાલુકો, ગામ, શહેર કે વોર્ડ હોઈ શકે છે. આ જૂથ શાળા, ઓફિસ કે કારખાનું હોઈ શકે છે.

દા.ત. જો આણંદ શહેરના કુટુંબોનો અભ્યાસ કરવો હોય તો આણંદ શહેર કેટલા વોર્ડમાં વહેંચાયેલું છે તેની યાદી તૈયાર કરવામાં આવે છે. વોર્ડએ ઝૂમખું છે. વોર્ડની યાદીમાંથી સાદા કે પદ્ધતિસરના નિદર્શન વડે ઝૂમખાંની પસંદગી કરવામાં આવે છે.

## ૧.૭ પ્રાથમિક માહિતી એકત્ર કરવાના જુદા-જુદા સાધનો

### પ્રાથમિક માહિતી એટલે શું ?

સંશોધનમાં પ્રાથમિક માહિતીનું ઘણું મહત્ત્વ છે. કારણ કે આ માહિતી પ્રત્યક્ષ રીતે લેવામાં આવે છે.

- જેની પાસેથી માહિતી લેવાય તેને પ્રાથમિક માહિતી કહેવામાં આવે છે.
- દા.ત. કોઇ સંશોધક જમીન સંપાદનની સ્થિતિમાં ભોગ બનેલા ખેડૂતો વિશેનો અભ્યાસ કરી રહ્યો છે. તો પ્રસ્તુત અભ્યાસમાં જેની જમીન સંપાદન થયેલી છે તે ખેડૂતો અભ્યાસના ઉત્તરદાતાઓ છે, તેમની પાસેથી લેવામાં આવતી માહિતીએ પ્રાથમિક માહિતી છે.

- સંશોધનના ઉદ્દેશોને અનુરૂપ ક્ષેત્રિય સ્ત્રોતોમાંથી મેળવેલ માહિતીને પ્રાથમિક માહિતી કહેવામાં આવે છે.

સંશોધનમા પ્રાથમિક માહિતીનું ઘણું મહત્ત્વ છે જેની પાસેથી માહિતી લેવાય છે તેને પ્રાથમિક માહિતી કહેવામાં આવે છે. દા.ત. જમીન સંપાદનના મુદ્દે જે ખેડુતોની જમીન સંપાદન થયેલ છે. તે ખેડૂતો સંશોધનમાં ઉત્તરદાતા બને છે. તેમની પાસેથી લેવામાં આવેલી માહિતી એ પ્રાથમિક માહિતી છે. ટૂંકમાં સંશોધનના ઉદ્દેશ્યોને અનુરૂપ ક્ષેત્રિય સ્ત્રોતોમાંથી મેળવેલ માહિતીને પ્રાથમિક માહિતી કહેવામાં આવે છે.

ક્ષેત્રીય સ્ત્રોતમાંથી માહિતી મેળવવા માટે સંશોધકે જે-તે ક્ષેત્રમાં રહેતી વ્યક્તિઓનો પ્રત્યક્ષ સંપર્ક કરવો પડે છે. ક્ષેત્રીય સ્ત્રોતમાંથી મળતી માહિતી મહ્દઅંશે પ્રાથમિક માહિતી છે. વ્યક્તિની મુલાકાત કરી પ્રશ્નો પૂછીને તેનાં જીવનને લગતી માહિતી તેની પાસેથી મેળવવામાં આવે છે. અભ્યાસના વ્યાપ વિસ્તારમાંથી માહિતી મેળવવા માટે પ્રશ્નાવલિ, અનુસૂચિ, મુલાકાત કે નિરીક્ષણ જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેની વિગતવાર ચર્ચા નીચે પ્રમાણે છે.

**(1) પ્રશ્નાવલિ**

સંશોધનમાં માહિતી મેળવવાની પ્રયુક્તિ કે સાધન તરીકે પ્રશ્નાવલિ ખૂબ મહત્ત્વનું સાધન છે. જ્યાં માહિતી મેળવવાની અન્ય પદ્ધતિઓ ઉપયોગી બનતી નથી. ત્યાં પ્રશ્નાવલિ પદ્ધતિ ખૂબ ઉપયોગી બને છે. પ્રશ્નાવલિ પદ્ધતિમાં ઉત્તરદાતા સાથે સંશોધક માહિતી મેળવવા માટે પ્રશ્નોત્તરી રચે છે. જેના પરિણામે ઊંડાણપૂર્વકની માહિતી મેળવી શકાય છે.

પ્રશ્નાવલિ પદ્ધતિએ આપણું હાથવગું માધ્યમ છે. રોજ-બરોજ આપણે આપણાં વ્યાવહારિક જીવનમાં તેનો ઉપયોગ કરીએ છીએ. કોલેજમાં પ્રવેશ મેળવતી વખતે નોકરીના અરજીપત્રકો, છાત્રાલયમાં રહી અભ્યાસ કરવાનાં કિસ્સામાં કેટલાક પ્રશ્નોના જવાબો આપવાના હોય છે. એક દૃષ્ટિએ આ પ્રશ્નાવલિ પદ્ધતિનો ઉપયોગ જ છે. ટૂંકમાં, પ્રશ્નાવલિએ  વાસ્તવમાં પ્રશ્નોની યાદી કે પત્રક છે. જેના જવાબો જે-તે વ્યક્તિ ભરે છે. પ્રશ્નાવલિ એટલે જે વિશે માહિતી મેળવવાની છે તે વિશે રચેલા જુદા-જુદા પ્રશ્નોનું બનેલું એક પત્રક છે. જે પત્રકમાં ઉત્તરદાતા પોતે પ્રશ્નોના જવાબ ભરે છે, લખે છે.

ગુડે અને હટ્ટ પ્રશ્નાવલિની વ્યાખ્યા આપતા જણાવે છે કે, "પત્રકના ઉપયોગ દ્વારા પ્રશ્નોના ઉત્તરો મેળવવાની એક પ્રયુક્તિ એટલે પ્રશ્નાવલિ આ પત્રકમાં રજૂ થયેલા પ્રશ્નોનાં ઉત્તરો ઉત્તરદાતા જાતે ભરે છે. આથી જણાશે કે, પ્રશ્નાવલિએ પ્રશ્નોની એક યાદી છે. પ્રશ્નોની આ યાદી પત્રક સ્વરૂપની હોય છે અને બધા પ્રશ્નોના ઉત્તરોએ પત્રકમાં જ ઉત્તરદાતા પોતે લખે છે.

સ્ટેફર્ડ લેભો વિડઝ અને રોબર્ટ હેગેડોર્ન જુદા શબ્દોમાં; પરંતુ, થોડી વધુ સ્પષ્ટતા સાથે પ્રશ્નાવલિમાં સમજ આપતા જણાવે છે કે પ્રશ્નાવલિ શ્રેણીબદ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે. આ પત્રકમાં ઉત્તરદાતા પોતે જ પ્રશ્નોના ઉમેરી લખે છે. આવી પ્રશ્નાવલિ જેમનો અભ્યાસ કરવાનો હોય તે વ્યક્તિઓને હાથો હાથ રૂબરૂ પણ આપી શકાય છે અને ટપાલ દ્વારા તેમના ઘરે પણ મોકલી શકાય છે.

**પ્રશ્નાવલિની ઉપયોગિતા**

પ્રશ્નાવલિએ સામાજિક વિજ્ઞાનોમાં વધારે પ્રમાણમાં વપરાતું ઉપકરણ છે. તેની વિવિધ ઉપયોગિતા નીચે પ્રમાણે છે.

**(1) સહાયક**

વિશાળ સંખ્યા પાસેથી માહિતી મેળવી શકાય છે. માહિતી મેળવવા માટે ઉત્તરદાતાને બે રીતે આપી શકાય છે. (1) રૂબરૂ અને (2) ટપાલ દ્વારા. વિશાળ ભૌગોલિક વિસ્તારમાં ફેલાયેલી વ્યક્તિઓ સુધી પ્રશ્નાવલિ દ્વારા માહિતી મેળવી શકાય છે. સમય-નાણાંની બચત થઈ શકે છે.

**(2) કરકસરભરી**

નિરીક્ષણ કે મુલાકાત પદ્ધતિની તુલનામાં આ કરકસરભરી પદ્ધતિ છે.

**(3) સંશોધનના વિવિધ હેતુ પુરા પાડવાના ઉપયોગી**

પ્રશ્નાવલિ વિવિધ રીતે ઉપયોગી છે. સંશોધન પ્રશ્નો માટે પ્રાથમિક માહિતી મેળવવામાં, સંશોધન સમસ્યાની પાશ્વભૂમિને વિસ્તૃત બનાવવામાં, ઉપલબ્ધ ગૌણ માહિતીની ચકાસણી કરવા તેમજ નવી સંશોધન સમસ્યાઓને પ્રગટ કરવામાં પ્રશ્નાવલિ ઉપયોગી બને છે.

**(4)** ગુણાત્મક માહિતીનું સંખ્યાત્મક રૂપાંતર શક્ય બને છે. રચિત કે બંધ પ્રશ્નો દ્વારા મળતી માહિતીને સંખ્યાત્મક સ્વરૂપે સરળતાથી રજૂ કરી શકાય છે. પરિણામે સામાજિક ઘટનાનો સામાન્ય પ્રવાહ જાણી શકાય છે.

**(5) મુક્તિનો અનુભવ અને દબાણનો અભાવ**

પ્રશ્નાવલિમાં માહિતી આપવામાં ઉત્તરદાતા એકંદરે વધુ મુક્તિનો અનુભવ કરે છે. પ્રશ્નાવલિમાં પ્રશ્નો લેખિતરૂપમં સામેલ હોય છે. જેનાં પરિણામે ઉત્તરદાતાને પ્રશ્નોના જવાબ આપવામાં અનુકૂળતા રહે છે. આમ, મુક્તિ અને દબાણનો અનુભવ ઉત્તરદાતાને થતો નથી.

❖ **પ્રશ્નાવલિના પ્રકાર**

પ્રશ્નાવલિમાં સમાવેશ થતાં વિવિધ પ્રકારના પ્રશ્નોના સ્વરૂપને ધ્યાનમાં રાખીને પ્રશ્નાવલિના નીચેના પ્રકારો દર્શાવી શકાય.

(1) અપ્રતિબંધિત પ્રશ્નાવલિ, દા.ત.કુટુંબ નિયોજન વિશે તમે શું માનો છો ?

(2) પ્રતિબંધિત પ્રશ્નાવલિ, દા.ત. તમારો માસિક પગાર કેટલો છે ?

(3) પ્રત્યક્ષ પ્રશ્નાવલિ, દા.ત. તમે સંયુક્ત કુટુંબમાં રહેવાનું પસંદ કરશો કે વિભક્ત કુટુંબમાં ?

(4) પરોક્ષ પ્રશ્નાવલિ, દા.ત. આ ચિત્ર શેનું છે ? તે ચિત્ર શું સૂચવે છે ?

સંશોધન કર્તા સંશોધનના હેતુઓને અનુરૂપ પ્રશ્નાવલિના વિવિધ પ્રકારો પૈકી અનુકૂળ પ્રશ્નાવલિનો ઉપયોગ કરી શકે છે.

❖ **પ્રશ્નાવલિની મર્યાદા**

પ્રશ્નાવલિનાં વિવિધ લાભોની સાથે કેટલીક મર્યાદાઓ છે, જે નીચે પ્રમાણે છે.

(1) શિક્ષિત વર્ગ પૂરતી સીમિત છે. અભણ ઉત્તરદાતાઓને આ પદ્ધતિમાં આવરી શકાતા નથી.

(2) સમાજ જીવનનાં મર્યાદિત પાસાંઓનો અભ્યાસ કરી શકાય છે.

(3) પ્રશ્નાવલિ દ્વારા ઝીણવટભર્યો અને ઊંડો અભ્યાસ શક્ય નથી.

(4) પ્રતિભાવોની અસમતુલા રહે છે.

(5) સંશોધન હેઠણની પરિસ્થિતિનું ચિત્ર સ્પષ્ટ થતું નથી.

(6) પ્રશ્નની સ્પષ્ટતાના અભાવે ગેરસમજ થવાની શક્યતા વધે છે.

**(2) અનુસૂચિ**

અનુસૂચિએ પ્રશ્નોનું એવુ પત્રક છે. જે ઉત્તરદાતાને રૂબરૂ મળીને સંશોધક કે મુલાકાત લેનાર પોતે ભરે છે. જ્યારે, પશ્નાવલિ પદ્ધતિમાં સંશોધક ટપાલ દ્વારા અથવા ઉત્તરદાતા પાસે રૂબરૂ મુલાકાત કરીને પ્રશ્નાવલિ આપે છે. પ્રશ્નાવલિ ઉત્તરદાતા જાતે ભરે છે. જ્યારે, અનુસૂચિ સંશોધનકર્તા પોતે ભરે છે, જેના પરિણામે ઉત્તરદાતા અને સંશોધક વચ્ચે સીધો સંવાદ થાય છે. ઉત્તરદાતાનું પ્રત્યક્ષીકરણ થાય છે. જેના પરિણામે ઉત્તરદાતાની માન્યતાઓ, પ્રેરકો, વલણો, અભિપ્રાયો, ભૂતકાલિન વર્તન વગેરે અંગેની માહિતી મેળવે શકાય છે. બાળકો, વૃદ્ધો, તેમજ અશિક્ષિત ઉત્તરદાતાઓની પાસેથી અનુસૂચિ દ્વારા માહિતી મેળવી શકાય છે. અનુસૂચિ એ પણ ક્રમબદ્ધ પ્રશ્નોનું બનેલું પત્રક છે, સંશોધનકર્તા પોતાના અભ્યાસના મૂળ હેતુઓને અનુરૂપ પ્રશ્નવલિનું ઘડતર કરે છે. જેમાં વિવિધ પ્રકારની બાબતો પ્રશ્નોત્તરીના રૂપમાં ઉત્તરદાતાઓને પૂછે છે. જેના પરિણામે ઝીણવટ ભર્યો અને ઊંડો અભ્યાસ શક્ય બને છે. સમાજજીવનના તમામ પાસાંઓનો અભ્યાસ આ માધ્યમથી શક્ય બને છે. હા, અહી સંશોધકે કુશળતાપૂર્વક ઉત્તરદાતા પાસેથી કામ લેવું જરૂરી છે. તેમાં ખાસ કરીને ઉત્તરદાતાની સમયની અનુકૂળતા મહત્ત્વની છે. ઉત્તરદાતાને અનુકૂળ સમયે સંશોધક તેને વિશ્વાસમાં લઇ માહિતી એકત્ર કરે તો સંશોધનના મૂળભૂત હેતુઓને અનુરૂપ ઇચ્છિત માહિતી અને પરિણામ પ્રાપ્ત થઇ શકે છે. અનુસૂચિમાં માહિતી મેળવવાની પ્રક્રિયા દરમ્યાન સંશોધક સભાનપણે માહિતી એકત્ર કરે છે. માટે ગેરસમજ થવાની શક્યતા ઓછી રહે છે. સંશોધક જરૂર લાગે ત્યાં ઉત્તરદાતા સાથે સ્પષ્ટતા કરી શકે છે.

**(3) મુલાકાત**

મુલાકાતમાં મુલાકાત લેનાર અને મુલાકાત આપનાર એમ બે પક્ષો હોય છે. જેમાં મુલાકાત લેનાર વ્યક્તિ પ્રશ્નો પૂછે છે. મુલાકાત આપનાર વ્યક્તિ તેના જવાબ આપે છે. સંશોધનના મૂળ હેતુના સંદર્ભમાં સંશોધક જેમનો અભ્યાસ કરવા માંગે છે. તેવી વ્યક્તિઓને રૂબરૂ મળીને પ્રશ્નો પૂછે છે અને તે દ્વારા માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. એખાલસ ભર્યું પર્યાવરણ સર્જી શકાય તો સંશોધનાર્થે નાજૂક માહિતી મેળવવા માટે મુલાકાત અગત્યનું ઉપકરણ બની શકે છે.

❖ **મુલાકાતનો અર્થ**

મુલાકાત એટલે એવી મૌખિક પ્રશ્નાવિલ અનુસૂચિ કે જેમાં પાત્રો રૂબરૂ જરૂરી માહિતી આપે છે. કેટલાંક લોકો લેખિત કરતા મૌખિક રીતે સારી રીતે માહિતી આપે છે. મુલાકાત લેનાર અને મુલાકાત આપનાર વચ્ચે સ્થપાતા સંબંધની ગુણવત્તા પર મુલાકાતની સફળતાનો આધાર રહે છે.

❖ **મુલાકાતના પ્રકારો**

સંશોધનના હેતુઓના આધારે પૂછાતા પ્રશ્નોના આધારે મુલાકાતના બે પ્રકાર પડે છે.

(૧) **નિયંત્રિત મુલાકાત**

નિયંત્રિત મુલાકાતમાં અગાઉથી પ્રમાણભૂત થયેલા પ્રશ્નોવાળી આ મુલાકાતમાં ચોક્કસ પ્રશ્નો દ્વારા માહિતી મેળવવામાં આવે છે. એકસરખા પ્રશ્નો, એક જ ક્રમે અને એક જ રીતે બધા પાત્રોને પ્રશ્નો પૂછવામાં આવે છે. મુલાકાતનો સમગ્ર દોર મુલાકાત લેનારના હાથમાં હોય છે.

(૨) **અનિયંત્રિત મુલાકાત**

અનિયંત્રિત મુલાકાતમાં નિયંત્રિત મુલાકાતની માફક અહીં; પરંતુ, પરિસ્થિતિને અનુરૂપ અને ઉત્તરદાતાને ધ્યાનમાં રાખીને પ્રશ્નોમાં બાંધછોડ કરવાની હોય છે. પરિસ્થિતિ પ્રમાણેનું અનુકૂલન સાધવું તે સંશોધકનું પાયાનું લક્ષણ છે. મુદ્દાઓની સ્પષ્ટતા માટે પૂરક પ્રશ્નો પૂછી શકાય છે. મુલાકાતનો દોર મુલાકાત આપનારના હાથમાં હોય છે.

❖ **સફળ મુલાકાત માટે જરૂરી આયોજન**

સંશોધન સમસ્યાના સંદર્ભમાં મુલાકાત લેનારે સફળ મુલાકાત માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

(1) મુલાકાતમાં હેતુના સંદર્ભે જરૂરી સ્પષ્ટતા કરવી જોઈએ.

(2) પાત્રોની કક્ષા અને સંખ્યા પહેલેથી નક્કી કરી લેવી, જેથી મુલાકાતમાં સરળતા રહે.

(3) જરૂરિયાતના આધારે નિયંત્રિત મુલાકાત કે અનિયંત્રિત મુલાકાત કરવી તે નક્કી કરી લેવું જોઈએ.

(4) મુલાકાત અનુસૂચિમાં ઝીણામાં ઝીણી બાબત નોંધ જરૂરી છે. જેથી માહિતી લેવાની બાકી ન રહી જાય.

(5) તૈયાર કરેલા પ્રશ્નો પર તજજ્ઞો પાસે સમીક્ષા કરાવવી જોઈએ જેથી ખૂટતા કે વધારાનાં પ્રશ્નો ટાળી શકાય.

(6) પાત્ર અંગે અગાઉથી માહિતી મેળવવી જોઈએ.

(7) મુલાકાત અગાઉ પૂર્વ સમંત્તિ લેવી જરૂરી છે, જેમાં સમયની અનુકૂળતા પૂછવી જરૂરી છે.

(8) મળેલ માહિતીની અહેવાલલેખન માટે નોંધ કરવી જરૂરી છે.

આમ, પ્રાથમિક માહિતીની પ્રાપ્તિ માટે મુલાકાત પદ્ધતિએ ખૂબ મહત્ત્વપૂર્ણ સાધન છે. સંશોધકે આ સાધનનો વ્યવસ્થિત ઉપયોગ કરવો જોઇએ.

**(4) નિરીક્ષણ પદ્ધતિ**

નિરીક્ષણ પદ્ધતિએ માહિતી મેળવવાની જુદી-જુદી પદ્ધતિઓ પૈકી ખૂબ મહત્ત્વની પદ્ધતિ છે. નિરીક્ષણ માટેનો પર્યાય અવલોકન છે. વિજ્ઞાનમાં જ્ઞાન મેળવવા માટે નિરીક્ષણ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. નિરીક્ષણએ જ્ઞાનેન્દ્રિય દ્વારા થતો પ્રત્યક્ષ અનુભવ છે. જેનો આંખથી જોવાની અને કાનથી સાંભળી જ્ઞાનેન્દ્રિયોની મદદ વડે પ્રત્યક્ષ અનુભવ કરીને માહિતી મેળવામાં આવે છે. આ પ્રકારે લીધેલી માહિતીને નિરીક્ષણ કર્યું કહેવાય.

**નિરીક્ષણનો અર્થ**

આપણે રોજ-બરોજના જીવનમાં કંઇ કંઇ વસ્તુઓ જોઇએ છીએ; પરંતુ, તેને વૈજ્ઞાનિક નિરીક્ષણ કહેવાય નહી. વિજ્ઞાનમાં આંખથી જોવું એટલો મર્યાદિત અર્થ કરવામાં આવતો નથી પણ સંશોધનનાં વિષયને અનુરૂપ સહેતુંક જોવું તેને નિરીક્ષણ કહેવાય. વધુ સ્પષ્ટ રીતે કહીએ તો, બનાવ જ્યારે બનતો હોય ત્યારે બનાવના સ્થળે સંશોધનના હેતુને

લક્ષમાં રાખીને આંખ, કાન અને બીજી જ્ઞાનેન્દ્રિયો દ્વારા માહિતી મેળવવી તેને નિરીક્ષણ કહેવાય. પ્રાથમિક માહિતી પ્રાપ્તિ કરવામાં નિરીક્ષણ(અવલોકન) પદ્ધતિની મહત્ત્વની ભૂમિકા છે.

❖ **ક્ષેત્રીય સ્ત્રોતો(પ્રાથમિક માહિતીના સ્ત્રોતો)નું મહત્ત્વ**

સામાજિક સંશોધનમાં ક્ષેત્રીય સ્ત્રોતોનું મહત્ત્વ ઘણું છે. ક્ષેત્રીય સ્ત્રોતોમાંથી મળતી માહિતી જેને ક્ષેત્રીય માહિતી તરીકે ઓળખવામાં આવે છે. ક્ષેત્રીય સ્ત્રોતોનું સંશોધન મહત્ત્વ નીચે પ્રમાણે છે.

(1) ક્ષેત્રીય સ્ત્રોતો જટિલ માનવ સંબંધોને સમજવામાં ઉપયોગી બને છે.

સંશોધનમાં સમસ્યા મહત્ત્વની બાબત છે. સમસ્યા અને સંશોધનનો પાયો છે તેમ કહી શકાય. સમાજવ્યવસ્થા, રચના, કાર્ય, ઉદ્‌ભવ, નેતૃત્ત્વનો વિકાસ વગેરે બાબતોની સમજણ માટે ક્ષેત્રીય સ્ત્રોતો ખૂબ ઉપયોગી બની રહે છે.

(2) ક્ષેત્રીય સ્ત્રોતએ પ્રત્યક્ષ સ્ત્રોત છે.

સંશોધન અને ઉત્તરદાતા વચ્ચે માહિતી વિશે પ્રશ્નોત્તરી થાય છે. સંશોધક પૂછે છે અને ઉત્તરદાતા તેનો જવાબ આપે છે. જેના પરિણામે સંશોધન વિષય અંગે સંશોધકમાં નવી દૃષ્ટિ વિકસે છે.

(3) ક્ષેત્રિય સ્ત્રોતો સમાજજીવનને લગતી વાસ્તવિક માહિતી મેળવવામાં ઉપયોગી બને છે.

ક્ષેત્રિય સ્ત્રોતોમાંથી મળતી વધું વિશ્વસનીય છે, યથાર્થ છે; કારણ કે, અહી માહિતી મેળવવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ થાય છે. જેના પરિણામે ઊંડાણપૂર્વકની માહિતી મેળવી શકાય છે.

(૩) નવા ખ્યાલોનું ઘડતર કરવામાં અને પ્રવર્તમાન ખ્યાલોનું પુનઃઘડતર કરવામાં, ઉપકલ્પનાની ચકાસણી કરવામાં ક્ષેત્રિય સ્ત્રોતોનું આગવું મહત્ત્વ અને સ્થાન ધરાવે છે.

❖ **પ્રાથમિક માહિતીનો સામાજિક સંશોધનમાં ઉપયોગ**

પ્રાથમિક માહિતીનો મુખ્ય સ્ત્રોત ક્ષેત્રી સ્ત્રોત છે. આથી ક્ષેત્રીય સ્ત્રોતનું સંશોધનમાં જેટલું મહત્ત્વ છે, તેટલું જ મહત્ત્વ પ્રાથમિક માહિતીનું છે. સંશોધનમાં જ્યારે ક્યાંયથી માહિતી મળતી ન હોય ત્યારે પ્રાથમિક માહિતી એકત્ર કરવામાં આવે છે. પ્રાથમિક માહિતીનો વિશેષ ઉપયોગ છે. તેના મુખ્ય ઉપયોગ આ ચાર છે.

(૧)હકીકતો શોધવા

(૨)સામાજિક નીતિનું ઘડતર કરવા


(૩)સિદ્ધાંત સ્થાપવા

(૪)ઉપકલ્પનાની ચકાસણી

પ્રાથમિક માહિતી સીધી ઉત્તરદાતા પાસેથી લેવામાં આવે છે. જેના પરિણામે માહિતી વધુ વિશ્વસનીય હોય છે માટે ગૌણમાહિતીમાં જે ભૂલો થાય છે તે પ્રાથમિક માહિતીમાં થવાની શક્યતા નહીવત છે.

નિરીક્ષણ, પ્રશ્નાવલિ, અનુસૂચિ અને મુલાકાત પદ્ધતિનો ઉપયોગ જુદા-જુદા પ્રકારના સંશોધનો અને સર્વેક્ષણો હાથ ધરાયેલા છે. ડો.દેસાઇ એ પ્રાથમિક માહિતીનો ઉપયોગ કરીને મહુવાના સંયુક્ત કુટુંબોનો અભ્યાસ કરેલો છે. તેમાં તેમણે સંયુક્ત કુટુંબ વિશેનું વિગતવાર વર્ણન કરેલ છે. પ્રાથમિક માહિતીના ઉપયોગથી ભારતના સમાજ શાસ્ત્રીઓએ 'પ્રભાવ જ્ઞાતિ', સંસ્કૃતિકરણ જેવા ખ્યાલોને વિકસાવ્યાં છે. પશ્ચિમના કેટલાંક સમાજશાસ્ત્રીઓએ

ધોરણોનો ઉદ્ભવ, નેતૃત્ત્વનો ઉદ્ભવ, જૂથનો ઉદ્ભવ વગેરે અંગેના સૈદ્ધાંતિક સંશોધનો પ્રાથમિક માહિતીના આધારે કરેલા છે. આમ, પ્રાથમિક માહિતીએ સામાજિક સંશોધનનાં આગવું સ્થાન ધરાવે છે. આથી જ પ્રાથમિક માહિતીને સંશોધનનું અંતિમ સાધન કહેવામાં આવે છે.




આમ, નિરીક્ષણ, અનુસૂચિ, પ્રશ્નાવલિ કે મુલાકાત દ્વારા માહિતીને પ્રાથમિક માહિતી કહેવાય.

❖ **પ્રાથમિક માહિતીના સ્ત્રોત**

પ્રાથમિક માહિતીનું મુખ્ય સ્ત્રોત સંશોધનક્ષેત્ર છે, માટે આ સ્ત્રોતને ક્ષેત્રીય સ્ત્રોત તરીકે ઓળખવામાં આવે છે. માહિતી પ્રાપ્તિ માટેનું આ મહત્ત્વનું અંગ છે. માટે સૌ પ્રથમ ક્ષેત્રીય સ્ત્રોત શું ? તેના વિશેની જાણકારી મેળવવી જરૂરી બની રહે છે.

❖ **ક્ષેત્રીય સ્ત્રોત એટલે શું ?**

સંશોધનમાં ક્ષેત્રિય સ્ત્રોત એ માહિતી મેળવવાનું મહત્ત્વનું સાધન છે. જુદા-જુદા લોકો જે વિસ્તારમાં વસવાટ કરે છે. ત્યાં તે વ્યક્તિઓ પાસેથી જઈને માહિતી મેળવવામાં આવે છે. ત્યારે એ વિસ્તારની વ્યક્તિઓને ક્ષેત્રીય સ્ત્રોત કહેવાય.

દા.ત. ગીર વિસ્તારમાં ચરાણ વિસ્તાર ઘટવાના પરિણામે માલધારીઓનાં જીવન ઉપર પડેલ અસરો ઉપર સંશોધક અભ્યાસ કરી રહેલ છે. તો પ્રસ્તુત અભ્યાસમાં માલધારીઓ ક્ષેત્રીય સ્ત્રોત છે.

આ ક્ષેત્રીય સ્ત્રોતને વૈયક્તિક કે પ્રત્યક્ષ સ્ત્રોત તરીકે પણ ઓળખવામાં આવે છે. ક્ષેત્રિય સ્ત્રોતમાં જે-તે મુદ્દા આધારિત સીધો નિસ્બત અથવા સંબંધ ધરાવતી વ્યક્તિ પાસેથી માહિતી મેળવવામાં આવે છે. સંશોધનના વિષય તરીકે વિભિન્ન પ્રકારની પરિસ્થિતિ સમાજમાં મૌજુદ છે; પરંતુ, વિભિન્ન મુદ્દાઓમાં સમાજ અવરોધક મુદ્દાઓ કયા છે તે સંશોધકે તપાસવા પડે છે. સામાજિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ બાબતોને સંશોધકે જુદી તારવી તેનાં વિશે માહિતી મેળવવાની હોય છે. જેમ કે, અત્યારે સમગ્ર રાજ્યમાં જમીન સંપાદનનો મુદ્દો ચર્ચામાં અગ્રસ્થાને છે. રાજ્ય અત્યારે ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે ત્યારે સરકાર દ્વારા જાહેર હિતના નામે જમીન સંપાદન મોટા પાયે કરવામાં આવી રહ્યું છે. આ જમીન સંપાદન થવાના પરિણામે વિવિધ લોકો આ સ્થિતિનો ભોગ બને છે.




ટૂંકમાં, સંશોધકે જે-તે પરિસ્થિતિનો ભોગ બનેલ વિભિન્ન વ્યક્તિઓનો સંપર્ક સાધીને તેમની પાસેથી માહિતી મેળવવાની રહે છે. જમીન સંપાદનનાં મુદ્દાઓમાં અગાઉ જોયું તે પ્રમાણે જમીન સંપાદનના લીધે પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બંને રીતે પરિસ્થિતિનો ભોગ બનેલાં લોકોને માહિતીદાતા તરીકે સમાવી શકાય.

## ૧.૮ ગૌણ માહિતી એકત્ર કરવાના સાધનો

જે માહિતી મુખ્ય નથી તેને ગૌણ માહિતી કહેવામાં આવે છે. ગૌણ માહિતીને દ્વિતીય કક્ષાની માહિતી તરીકે પણ ઓળખવામાં આવે છે.

- **પ્રો. રોબર્ટસન** અને **રાઈ**ના જણાવ્યા પ્રમાણે, અન્ય હેતુ માટે એકઠી કરવામાં આવેલી; પરંતુ, સંશોધન હેતુ માટે ઉપયોગમાં લેવાયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય.
- **ડેનીસ** અને સ્ટીફન રીચરના કહેવા પ્રમાણે જે-તે સામાજિક સંશોધનના ચોક્કસ સંશોધન હેતુની પરિપૂર્તિ માટે એકત્ર કરવામાં આવી ન હોય તેવી પહેલેથી જ અસ્તિત્વ ધરાવતી કે નોંધાયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય.
- ગૌણ માહિતીએ અગાઉથી એકત્રિત સ્વરૂપે મળતી કે દસ્તાવેજી માહિતી છે.
- પોલિન યંગના મતે, મૂળ સ્ત્રોતોમાંથી સંપાદિત થયેલી માહિતીને ગૌણ માહિતી કહેવાય. આવી માહિતીનું પ્રકાશન કરનાર વ્યક્તિ તેમજ એકઠી કરનાર વ્યક્તિ જુદી જુદી હોય છે.
- ટૂંકમાં, દસ્તાવેજી સ્ત્રોતોમાંથી મળતી માહિતીએ ગૌણ માહિતી છે. વસ્તી ગણતરીનાં આંકડા પ્રાથમિક માહિતી છે; પરંતુ, તે આંકડાઓ સંશોધન હેતુ માટે ઉપયોગમાં લેવામાં આવે ત્યારે તે ગૌણ માહિતી બની જાય છે.
- ફર્સ્ટ હેન્ડ ડેટાને પ્રાથમિક માહિતી કહેવાય. જ્યારે, સેકન્ડ હેન્ડ ડેટાને ગૌણ માહિતી તરીકે ઓળખવામાં આવે છે.

આમ, આ રીતે સંશોધક જેમાંથી માહિતી મેળવે છે, તે બધી જ ગૌણ માહિતી છે.

❖ **ગૌણ માહિતીના સ્ત્રોતો**

સામાજિક સંશોધન માટે દસ્તાવેજોમાંથી અગત્યની માહિતી મળી રહે છે. ગૌણ માહિતી મુખ્યત્વે દસ્તાવેજી સ્ત્રોતોમાંથી મળી રહે છે. બધા જ પ્રસિદ્ધ કે અપ્રસિદ્ધ લખાણોને દસ્તાવેજો કહેવામાં આવે છે. દસ્તાવેજો લેખિત સ્વરૂપના હોય છે. તે મેળવવા માટે સંશોધકે અભ્યાસક્ષેત્રમાં જવાની જરૂર નથી. દસ્તાવેજોને માહિતીના પરોક્ષ સ્ત્રોતો કહેવામાં આવે છે.

આમ, ગૌણ માહિતીનાં વિવિધ સ્ત્રોતો છે. સંશોધન સમસ્યા અંગેની સંશોધન યોજનાની શરૂઆતથી જ સંશોધકે સમસ્યા સંબંધી સાહિત્યનું અધ્યયન કરવું પડે છે. વિષય સંબંધી મુદ્દાઓની સ્પષ્ટતા માટે ગૌણ માહિતી ખૂબ ઉપયોગી બની રહે છે. સંદર્ભ સાહિત્યની સમીક્ષામાં ગૌણ માહિતીનું વિશેષ મહત્ત્વ છે. પ્રસ્તુત સંશોધન અંગે વિષયને અનુરૂપ કયા-કયા અભ્યાસનો થયેલો છે. તે અંગેનું અધ્યયન સંશોધકને દિશા-નિર્દેશનું કામ કરે છે. સંશોધન યોજનાને અનુરૂપ પદ્ધતિસરનું કામ કરવા માટે ગૌણ માહિતી પાયાનું કામ કરે છે.

## ૧.૯ ઉપસંહાર

સામાજિક સંશોધનમાં માહિતીનું વિશેષ મહત્ત્વ છે. સંશોધન માટે સૌ પ્રથમ વિષયની પસંદગી કરવામાં આવે છે. વિષયની પસંદગી માટે સંશોધકે અભ્યાસને અનુરૂપ સંશોધન યોજના તૈયાર કરવામાં આવે છે. સંશોધન યોજનામાં તે બાબતનો ઉલ્લેખ પણ કરવામાં આવે છે. સંશોધન માટે ક્યાં-ક્યાંથી માહિતી એકત્ર કરવામાં આવશે. આ માહિતીનું સ્વરૂપ કેવું હશે અને તે માહિતી કેવી રીતે મેળવવામાં આવશે તે બાબતાનો પણ ઉલ્લેખ કરવો જરૂરી છે. પ્રાથમિક અને ગૌણ માહિતી બંને પ્રકારની માહિતીનું એક આગવું મહત્ત્વ અને મૂલ્ય છે. સંશોધકે અભ્યાસની જરૂરિયાત મુજબ માહિતી મેળવી સંશોધનમાં તેનો અસરકારક ઉપયોગ કરવો જોઈએ.

BAOU
Education for All

# ડૉ.બાબાસાહેબ આંબેડકર
# ઓપન યુનિવર્સિટી


જ્યોર્તિમય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
વેબસાઈટ : www.baou.edu.in